અધિનિયમ મુજબ રચેલા પોલીસ દળના સભ્યોના દાખલામાં તેવો ફેરફાર કરવાનું અથવા રદ કરવાનું રાજ્ય પુનરચના અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૧૧૫ની પેટા-કલમ (૫)ના પરંતુકને અધીન રહેશે.]

**સન ૧૯૫૬નો ૩૭મો.**

(૨) આ ખંડનો કોઈપણ મજકૂર ભારતીય પોલીસના અને ભારતીય પોલિસ સર્વિસના સભ્યોની ભરતી, પગાર, ભથ્થાં અને નોકરીની બીજી શરતોને લાગુ પડશે નહિ.

**ઈન્સ્પેક્ટર જનરલ, અધિક અને નાયબ ઈન્સ્પેક્ટર જનરલ**

૬. (૧) પોલીસ દળના અનુશાસન અને નિરીક્ષણ માટે, રાજ્ય સરકારે એક પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ નીમવો અને તેણે આ અધિનિયમથી કે આ અધિનિયમ અનુસાર અથવા રાજ્ય સરકારે કરેલા હુકમોથી તે અનુસાર ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરવી અને તેવાં કર્તવ્યો અને ફરજો બજાવવાં અને તેને તેવી જવાબદારીઓ અને સત્તા રહેશે.

(૨) (ક) રાજ્ય સરકાર એક અધિક પોલીસ ઈન્સ્પેક્ટર--જનરલ અને એક કે વધારે નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર--જનરલ નીમી શકશે.

(ખ) રાજ્ય સરકાર એમ ફરમાવી શકશે કે અધિક ઈન્સ્પેક્ટર--જનરલ અથવા નાયબ ઈન્સ્પેક્ટર-જનરલે, પ્રસંગ પ્રમાણે, ઈન્સ્પેક્ટર જનરલની કોઈપણ સત્તા વાપરવી, કાર્યો અને ફરજો બજાવવાં અને જવાબદારીઓ અદા કરવી અને સત્તા વાપરવી.

(ગ) રાજ્ય સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ દ્વારા એમ પણ ફરમાવી શકશે કે, અધિક ઈન્સ્પેક્ટર જનરલે અથવા નાયબ ઈન્સ્પેક્ટર જનરલે હુકમમાં નિર્દિષ્ટ કરી હોય તેવી રીતે અને તેટલી હદ સુધી, ઈન્સ્પેક્ટર--જનરલને તેની સત્તા વાપરવામાં કાર્યો અને ફરજો બજાવવામાં, જવાબદારીઓ અદા કરવામાં અને સત્તા વાપરવામાં મદદ કરવી.

**કમિશનર.**

૭. -(ક) રાજ્ય સરકાર, આ અર્થે રાજ્ય સરકારે કાઢેલા અને રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા જાહેરનામામાં નિર્દિષ્ટ કર્યા હોય તેવા [1][કોઈપણ] વિસ્તાર માટે પોલીસ અધિકારીને પોલીસ કમિશનર તરીકે નીમી શકશે.

(ખ) રાજ્ય સરકાર ખંડ (ક) માં નિર્દિષ્ટ કર્યા હોય તેવા વિસ્તારો માટે એક અધિક પોલીસ કમિશનર પણ નીમી શકશે.

(ગ) કમિશનર આ અધિનિયમથી અથવા તે મુજબ ઠરાવી હોય તેવી અથવા રાજ્ય સરકાર અને સામાન્ય કે વિશેષ હુકમથી બીજી રીતે ફરમાવે તેવી સત્તા વાપરશે, તેવાં કાર્યો અને ફરજો બજાવશે અને તેવી જવાબદારીઓ અદા કરશે અને તેવી સત્તા વાપરશે.

પરંતુ રાજ્ય સરકાર એમ ફરમાવી શકશે કે કમિશનરે વાપરવાની સત્તા, બજાવવાનાં કાર્યો અને ફરજો અદા કરવાની જવાબદારીઓ અને વાપરવાની સત્તા તેણે ઈન્સ્પેક્ટર જનરલના નિયંત્રણને અધીન રહીને વાપરવી બજાવવી, અદા કરવી અથવા વાપરવી.

વધુમાં જે વિસ્તાર માટે આ કલમ મુજબ કમિશનર નિમવામાં આવ્યા હોય તે વિસ્તાર જે જિલ્લામાં પ્રાદેશિક હકૂમત માટે જિલ્લા જે મેજિસ્ટ્રેટ કે જિલ્લા સુપરિન્ટેન્ડન્ટ નીમવામાં આવ્યા હોય તે જિલ્લાના ભાગ હોય તે છતાં, તે વિસ્તાર આ અધિનિયમથી અથવા તે મુજબ બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, જિલ્લા મેજિસ્ટ્રેટ કે જિલ્લા સુપરિન્ટેન્ડન્ટના હવાલા હેઠળ રહેશે નહિ.

**જિલ્લા અધિક મદદનીશ અને નાયબ સુપરિન્ટેન્ડન્ટો નીમવા બાબત.**

૮. (૧) રાજ્ય સરકાર દરેક અથવા કોઈ જિલ્લાના કોઈ એક ભાગ સારુ અથવા એક કે વધારે જિલ્લાઓ સારુ એક સુપરિન્ટેન્ડન્ટ અને તેને જરૂરી જણાય તેવા એક કે વધારે અધિક મદદનીશ અને નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ નીમી શકશે.

(૨) રાજ્ય સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ દ્વારા અધિક સુપરિન્ટેન્ડન્ટને એવી સત્તા આપી શકશે કે તે જે જિલ્લા માટે તેની નિમણૂક થઈ હોય તે જિલ્લામાં અથવા તે જિલ્લાના કોઈપણ ભાગમાં આ અધિનિયમ મુજબ અથવા તે સમયે અમલમાં હોય તેવા

---

[1] સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી અસલ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

પરંતુ [1][કલમ ૩૩ મુજબ નિયમો કરવાના, તેમાં ફેરફાર કરવાના અથવા રદ કરવાનાં] કમિશનરે ભોગવવાના અધિકાર ડેપ્યુટી અથવા મદદનીશ કમિશનરથી ભોગવી શકાશે નહિ.

**[3][કમિશનરો અધિકાર ક્ષેત્રમાંના સુપરિન્ટેન્ડટો].**

૧૧. (૧) રાજ્ય સરકાર [2][જે કોઈપણ ક્ષેત્રે માટે કલમ ૭ મુજબ પોલીસ કમિશનર નીમવામાં આવ્યો હોય તેવા કોઈપણ ક્ષેત્ર માટે] તેને જરૂરી જણાય તેટલી સંખ્યામાં પોલીસ સુપરિન્ટેન્ડન્ટો નીમી શકશે.

(૨) પેટા-કલમ (૧) મુજબ નિમાયેલા સુપરિન્ટેન્ડન્ટે આ અનિનિયમની જોગવાઈઓ મુજબ અથવા તે સમયે હોય તેવા કોઈપણ બીજા કાયદા મુજબ વાપરી શકાય કે બજાવી શકાય તેવી, અથવા રાજ સરકારના સામાન્ય કે વિશેષ હુકમો મુજબ કમિશનરે તેને આપી હોય તેવી સત્તા વાપરવી અને તેવી ફરજો અને કાર્યો બજાવવા :

પરંતુ એમ ઠરાવ્યું છે કે [4][કલમ ૩૩ મુજબ નિયમો કરવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તે રદ કરવાની] કમિશનરે વાપરવાની સત્તા સુપરિન્ટેન્ડન્ટથી વાપરી શકાશે નહિ.

**ભાગો અને વિભાગોની રચના.**

૧૨. (૧) રાજ્ય સરકારના નિયંત્રણને અધીન રહીને, [5][કોઈપણ ક્ષેત્ર માટે] કમિશનરે, જો તેને યોગ્ય લાગે તો—

(ક) [6][તેનો ચાર્જ હેઠળના કોઈપણ ક્ષેત્રમાં] પોલીસ ભાગો રચવા,

(ખ) તે ભાગોના વિભાગો પાડવા, અને

(ગ) એવા ભાગો અને વિભાગોની હદ અને વિસ્તાર નક્કી કરવાં.

**ભાગો અને વિભાગોના ઈન્ચાર્જ અધિકારીઓ**

(૨) આવો દરેક ભાગ એક પોલીસ સુપરિન્ટેન્ડન્ટના અધિકારમાં રહેશે અને દરેક વિભાગ પોલીસ ઈન્સ્પેકટરના અધિકારમાં રહેશે.

**ઈન્સ્પેકટરો.**

[7][૧૨-ક. રાજ્ય સરકારના સામાન્ય અથવા વિશેષ હુકમોને અધીન રહીને, જેને માટે કમિશનર નીમવામાં આવ્યો હોય તે વિસ્તાર માટે કમિશનરે અને બીજા વિસ્તારો માટે ઈન્સ્પેકટર જનરલે ઈન્સ્પેકટરો નીમવા.]

૧૩. [8][ઈન્સ્પેકટર-જનરલે અને કમિશનરે પહેલાં વર્ગના મેજિસ્ટ્રેટ અને પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટની સત્તા વાપરવી. સન ૧૯૫૪ના મુંબઈના ૨૧મા અધિનિયમની બીજી અનુસૂચિથી રદ કરી છે.]

**નિમણૂકનું પ્રમાણપત્ર.**

૧૪. (૧)[9][ઈન્સ્પેકટરના અથવા તેથી નીચેના દરજ્જાના] દરેક પોલીસ અધિકારીને, તેની નિમણૂક થયે, અનુસૂચિ ૨માં ઠરાવેલા નમૂનામાં એક પ્રમાણપત્ર મળશે. રાજ્ય સરકાર સામાન્ય કે વિશેષ હુકમ દ્વારા ફરમાવે તેવા અધિકારીનો સિક્કો મારીને એવું પ્રમાણપત્ર અપાશે.

---

૧ સન ૧૯૫૪ના મુંબઈના ૫૭મા અધિનિયમની કલમ ૩ થી "કલમ ૧૩ અથવા ૩૩ અન્વયે" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૨ સન ૧૯૫૯ના મુંબઈના ૫૬મા અધિનિયમની અનુસૂચિમાં કલમ ૩ થી "બૃહદ મુંબઈ માટે" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૩ એજનથી અસલ મજકૂરને બદલે આ હાંસિયાની નોંધ દાખલ કરી છે.

૪ સન ૧૯૫૬ના મુંબઈના ૧લા અધિનિયમની કલમ ૨ થી "કલમ ૧૩ અથવા ૩૩ મુજબ" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૫ સન ૧૯૫૯ના મુંબઈનાં ૫૬મા અધિનિયમની અનુસૂચિની કલમ ૩ થી "બૃહદ મુંબઈ માટે" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૬ એજનથી "બૃહદ મુંબઈમાં" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.

૭ સન ૧૯૫૪ના મુંબઈના [illegible]મા અધિનિયમની કલમ ૨ થી કલમ ૧૨-અ દાખલ કરવી છે.

૮ એજનની કલમ ૩થી "[illegible]કટરથી નીચેના દરજ્જાના" એ મજકૂરને બદલે આ મજકૂર દાખલ કર્યો છે.